જા.ક્ર.:મા-૨/૨૦૨૪/ 12329

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.13 /૦૮/૨૦૨૪.

પ્રતિ,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ,ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૨૪ પત્રક્રમાંક મઉમશબ/સંશોધન/૨૦૨૪/૨૨૯૪-૨૩૯૪ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૪/૨૩૯૫-૨૪૨૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૩/૦૮/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- "Partition Horrors Remembrance Day" અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષા મંત્રાલય, સ્કૂલ શિક્ષા અને સાક્ષરતા વિભાગ, નવી દિલ્હીનો પત્રક્રમાંક: D.O.No. 17-32/2024-Coord તા.09/08/2024

શ્રીમાન,

ઉક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષા મંત્રાલય, સ્કૂલ શિક્ષા અને સાક્ષરતા વિભાગ, નવી દિલ્હીનો પત્રક્રમાંક: D.O.No. 17-32/2024-Coord તા.09/08/2024,પત્રની નકલ મોકલી આપતા જણાવવાનું કે માનનીય વડાપ્રધાને 15 મી ઓગસ્ટ 2021ના રોજ લાલ કિલ્લા પર તેમના ભાષણમાં 14મી ઓગસ્ટને "Partition Horrors Remembrance Day" તરીકે મનાવવાની ઘોષણા કરી હતી. "Partition Horrors Remembrance Day" પ્રકાશમાં લાવવાની જાહેરાત કરવામાં આવી છે.

સદર બાબતે ભાગલાથી પ્રભાવિત લોકોની વેદનાને દર્શાવવા માટે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) દ્વારા એક નાટક તૈયાર કરવામાં આવેલ છે. નાટકની સ્ક્રિપ્ટ વિદ્યાર્થીઓને વિભાજનની ઘટનાઓ લાખો જીવન પર તેની અસર અને ઇતિહાસના આ પ્રકરણને યાદ રાખવાના મહત્વ વિશે શિક્ષિત કરવા અને જાગૃતિ લાવવા માટે બનાવવામાં આવી છે. અંગ્રેજી અને હિન્દીમાં દરેક સ્ક્રિપ્ટની નકલ સામેલ છે.

નાટકની સ્ક્રિપ્ટ ડાઉનલોડ કરવાની લિંક નીચે મુજબ છે:-

https://drive.google.com/drive/u/1/folders/1Eakk7hIRSOkIAmkHuytDKuAj4lg-lbHA

Indian Council of Historical Research (ICHR) અને The Indira Gandhi National Center for the Arts (IGNCA) દ્વારા સંયુક્ત રીતે કરાયેલ "Partition Horrors Remembrance Day" પર એક પ્રદર્શનનું આયોજન કરવાનું રહેશે. પ્રદર્શન ડાઉનલોડ કરવા માટેની લીંક નીચે મુજબ છે:-

https://amritmahotsav.nic.in/partition-horror-remembrance-day.htm

ઉક્ત તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પ્રદર્શન સમાજના કોઈપણ વર્ગની ભાવનાઓને ઠેસ ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ અને SOPનું ચુસ્તપણે પાલન કરવું. જિલ્લાની એક અગ્રણી શાળામાં પ્રદર્શનનું આયોજન કરવાનું રહેશે અને નજીકની શાળાના વિદ્યાર્થીઓ પ્રદર્શનની મુલાકાત લઈ શકશે. ઉક્ત વિગતે વક્તૃત્વ સ્પર્ધા, વાર્તાલાપ, ક્વિઝ, જેવા કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

ઉક્ત વિગતે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

બિડાણ:- ઉપર મુજબ

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

D:\JAC\saadar raju\Partition on Horror Remembrance day.doc